જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૧/૨૦૨૧  રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૧૦/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૬/૦૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૧૫૫ | 3 | ૧૧૧૫૮ | ૧૭૨૮૬ | 3 | ૧૭૨૮૯ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૦૨ | ૦ | ૪૭૦૨ | ૬૨૨૫ | ૦ | ૬૨૨૫ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૬૩ | ૨ | ૬૫ | ૨૬૦ | ૬ | ૨૬૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૨૭૮૫૭ | ૧૧૯ | ૨૭૯૭૬ | ૨૯૦૩૪ | ૧૩૫ | ૨૯૧૬૯ |
| | કુલ | ૪૩૭૭૭ | ૧૨૪ | ૪૩૯૦૧ | ૫૨૮૦૫ | ૧૪૪ | ૫૨૯૪૯ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૭૮ | ૧૪,૧૫,૯૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૦૬૦ | ૩૦,૬૦,૦૦૦/- |

# ગંભીર પ્રકારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ખોખરા પોલીસ સ્ટેશન

## ખોખરા પો.સ્ટે. ગુ,ર.નં. પાર્ટ-A ૧૧૧૯૧૦૦૩૨૧૦૦૫૮/૨૦૨૧ ઈપીકો કલમ ૪૦૬,૩૭૬,૩૭૬(એન),૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧) મુજબના ગુનાના કામના આરોપીને ગણતરીના કલાકોમા જડપી પાડતી ખોખરા પોલીસ

મે.પોલીસ કમિશનરશ્રી,તથા અધિક પોલીસ કમિશનરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્રનરશ્રી, ઝોન-૫ તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી 'આઇ' ડીવીઝન અમદાવાદ શહેરનાઓ દ્વારા પો.સ્ટે.મા દાખલ થતા ગંભીર પ્રકારના ગુનાના આરોપીઓ તાત્કાલીક શોધી કાયદેસરની કાર્યવાહી કરવા સારૂ આપેલ સુચના આધારે પોલીસ ઇન્સ્પેકટરશ્રી,વાય.એસ.ગામીત નાઓના સીધા માર્ગદર્શન આધારે ખોખરા પો.સ્ટે.પો.સબ.ઇન્સ. આર.એન.ચુડાસમા તથા એ.એસ.આઇ વિપુલગીરી જયંતીગીરી તથા હે.કો જીગ્નેશભાઇ જીવાભાઇ તથા પો.કો.વિનોદભાઇ ચંદુભાઇ બ.નં.૪૫૦૬ તથા સિધ્ધાર્થભાઇ કિશનભાઇ બ.નં.૯૪૮૦ તથા પો.કો. વિજયસિંહ ભરતભાઇ બ.નં.૮૪૫૫ તથા લો.ર. હિતેન્દ્રભાઇ દિનેશભાઇ બ.નં.૧૨૭૮ સાથે પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના પો.કો.વિનોદભાઇ ચંદુભાઇ બ.નં.૪૫૦૬ તથા પો.કો. વિજયસિંહ ભરતભાઇ બ.નં.૮૪૫૫ નાઓને મળેલ સંયુકત અને ચોક્કસ બાતમી હકિકત આધારે ખોખરા પો.સ્ટે. ગુ,ર.નં. પાર્ટ-A ૧૧૧૯૧૦૦૩૧૦૦૫૮/૨૦૨૧ ઈપીકો કલમ ૪૦૬,૩૭૬,૩૭૬(એન),૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧) મુજબના ગુનાના કામના આરોપી વિરલ સ/ઓ જયંતીભાઈ નારણભાઈના સોલંકી રહે.મ.નં.એ/૧૪, હરિદર્શન ફ્લેટ, થલતેજ, અમદાવાદ શહેરનાને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.



# પાસા અટકાયતની વિગત

## વટવા પોલીસ સ્ટેશન

### પ્રોહીબીશન સબંધી પાસા અટકાયતીની ધરપકડ કરતી વટવા પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓની સુચના આધારે તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ શ્રી એ.એમ.મુનિયા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર 'જે' ડીવીઝન શ્રી રાજપાલસિંહ રાણા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા નાઓની સુચના આધારે વટવા પો.સ્ટે. દાખલ થયેલ પ્રોહીબીશનના ગુનાઓ પૈકી (૧) પાર્ટ-સી-૧૧૧૯૧૦૩૮૨૦ ૦૧૧૮/૨૦૨૦ ધી પ્રોહી એક્ટ કલમ-૬૫(એ)(ઈ), ૮૧, ૧૧૬(બી) મુજબ તથા (૨) પાર્ટ-સી-૧૧૧૯૧૦૩૮૨૧૦૦૮૦/૨૦૨૧ ધી પ્રોહી એક્ટ કલમ- ૬૬(બી), ૬૫(એ)(ઈ), ૮૧, ૧૧૬(બી) મુજબના ગુનાઓના આરોપી શ્રવણ ઉર્ફે ચકી બંસીલાલ રાવળ ઉવ.૨૬ રહે- મ.નં.એ/૧૩૬, સત્યમ સાગર ટેનામેન્ટ, નિલ્લંઠ સોસાયટીની સામે, બચુભાઈનો કવો, વટવા, અમદાવાદ શહેર મુળ વતન- ગામ-બોરડી, નાડોલ, તા.જી. પાલી, રાજસ્થાન  નાઓ વિરુદ્ધ પાસા દરખાસ્ત  ભરી મોકલી આપતા મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ કચેરીના પાસા અટકાયતી હુકમ ક્રમાંક - પીસીબી/ડીટીએન/પાસા/૮૩/૨૦૨૧ તા.૧૬/૦૧/૨૦૨૧ ના રોજ મધ્યસ્થ જેલ રાજકોટ ખાતેનો પાસા હુકમ કરેલ હોય સદરી આરોપીને વટવા પો.સ્ટે. ના સર્વેલન્સ સ્કોડના સ્ટાફના માણસો પકડી લાવતા સદરી આરોપીનો સૌપ્રથમ કોવીડ-૧૯ નો રિપોર્ટ કરવા સારુ સીવીલ હોસ્પિટલ મોકલી આપેલ અને રિપોર્ટ આવેલ નહી ત્યાં સુધી આરોપીને પો.સ્ટે. ખાતે ક્વોરન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ સદરી આરોપનો કોવીડ-૧૯ નો રિપોર્ટ નેગેટીવ આવતા તા.૧૬/૦૧/૨૦૨૧ ના રોજ પાસા હુકમની બજવણી કરી આરોપીને જરૂરી જાપ્તા સાથે મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



**ઓઢવ પોલીસ સ્ટેશન (૧)**

## પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબશ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા નાઓએ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાની વિરૂધ્ધ નીચે મુજબનો હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારીએ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને રાજકોટ જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

### પાસા અટકાયતી :-

જગદિશ મોહનભાઇ ધુલાજી મીણા ઉ. વ. ૨૮ રહે. ભવાનીનગરનો ટેકરો રબારીના ભાડાના મકાનમાં ઓઢવ અમદાવાદ શહેર

### પાસામાં ધ્યાને લીધેલ ગુનાની વિગત :-

ઓઢવ પો સ્ટે સી/૧૧૧૯૧૦૩૭૨૦૧૪૬૦/૨૦૨૦ ધી પ્રોહી ઍક્ટ કલમ ૬૫(એ,ઇ), ૯૮(૨), બી,૮૧ તથા ઇપીકો કલમ ૧૮૮ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટની એક્ટ ૨૦૦૫ ની કલમ ૫૧ (બી) મુજબ

### પાસા હુકમ તથા બજવણી

પાસા હુકમ નં - પીસીબી/ડીટીએન/પાસા/૮૪/૨૦૨૧ તા. ૧૬/૦૧/૨૦૨૧ તથા બજવણી તા. ૧૨/૦૧/૨૦૨૧ ના કલાક ૨૧/૩૦ વાગે :- રાજકોટ જેલ

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-

પો.સ.ઈ શ્રી ડી.બી.પલાસ તથા એ.એસ.આઇ. પરથીભાઇ પુરાભાઇ બ.નં-૩૧૫ તથા એલ.આર. ધીરુભાઇ જીવણભાઇ બ.નં.૧૧૬૬૨ તથા એલ.આર.યુવરજસિંહ જુવાનસિંહ બ.નં.૧૨૭૯૧ તથા એલ.આર.નિકુંજકુમાર ભીમરાવ બ.નં.૬૩૦

## ઓઢવ પોલીસ સ્ટેશન (૨)

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબશ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા નાઓએ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાની વિરૂધ્ધ નીચે મુજબનો હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારીએ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને ભુજ પલારા જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

### પાસા અટકાયતી :-

(૧) પરબતસિંહ ઉર્ફે ભુરો સ/ઓ અંબાલાલ છેદાજી ઠાકોર ઉ.વ.૨૯ રહે. વાઘજી માસ્ટરની ચાલી મુકેશનગર પાસે ઓઢવ અમદાવાદ શહેર

### પાસામાં ધ્યાને લીધેલ ગુનાની વિગત :-

ઓઢવ પો સ્ટે સી/૧૧૧૯૧૦૩૭૨૦૧૪૬૦/૨૦૨૦ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(એ,ઇ), ૯૮(૨), બી,૮૧ તથા ઇપીકો કલમ ૧૮૮ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટની એક્ટ ૨૦૦૫ ની કલમ ૫૧ (બી) મુજબ

### પાસા હુકમ તથા બજવણી

પાસા હુકમ નં - પીસીબી/ડીટીએન/પાસા/૮૪/૨૦૨૧ તા. ૧૬/૦૧/૨૦૨૧ તથા બજવણી તા. ૧૬/૦૧/૨૦૨૧ ના કલાક ૨૧/૩૦ વાગે :- ભુજ પલારા જેલ

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-

પો. સ. ઈ શ્રી ડી બી પલાસ તથા એ એસ આઇ પરથીભાઇ પુરાભાઇ બ. નં- ૩૧૫ તથા એલ આર ધીરુભાઇ જીવણભાઇ બ નં ૧૧૬૬૨ તથા એલ આર યુવરજસિંહ જુવાનસિંહ બ.નં. ૧૨૭૯૧ તથા એલ આર નિકુંજકુમાર ભીમરાવ બ. નં. ૬૩૦

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૩૪૭ લીટર દેશી દારૂ અને ૧૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૯,૩૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૧૩/૨૦૨૧**

**શાહપુરઃ** મિહિરભાઇ દિનેશકુમાર ભાવસાર (ઉ.વ.૨૨) (રહે. માળીવાડાની પોળ હલીમની ખડકી શાહપુર) એ તા.૧૬/૦૧/૨૦૨૧ નારોજ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૯/૨૦૨૦ થી તા.૨૬/૦૯/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઇલ નંબર ૭૦૪૯૯૮૦૯૭૬ ના ધારક વાત કરનાર અમિત શર્મા તથા પ્રિયંકા નામની ઓળખ આપી મિહિરભાઇ ભાવસારને લોભામણી લાલચ આપી ટ્રેડીંગમાં રૂપિયા ઇન્વેસ્ટ કરવાની વાત કરી રૂપિયા કમાવવાના બહાને વિશ્વાસ કેળવી મિહિરભાઇના ખાતામાંથી રૂપિયા ૮૧,૨૬૭/- ટ્રાન્સફર કરાવી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ અંગે તપાસ પો.ઇ.શ્રી આર.એચ.વાળા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૧૪/૨૦૨૧**

**નવરંગપુરાઃ** શનીભાઈ નિકુલભાઈ દંતાણી (ઉ.વ.૩૦) (રહે. નવરંગપુરા બસ સ્ટેન્ડ પાસે, ફુટપાથ ઉપર નવરંગપુર) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૧/૨૦૨૧ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે નવરંગપુરા બસ સ્ટેન્ડ નજીક એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૬/૦૧/૨૦૨૧ કલાક ૧/૩૦ વાગે તેમનુ મૃત્યુ નીપજ્યુ હતુ. આ અંગે નવરંગપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વેચાતભાઈ કાળુભાઈ ચલાવે છે.

**ચાંદખેડાઃ** દશરથભાઈ ખોડાભાઈ પટેલ (ઉ.વ.૫૮) (રહે. ગંગાસાગર સોસાયટી આઈ.ઓ.સી રોડ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૧/૨૦૨૧ કલાક ૮/૦૦ થી ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે હિચકાના કડામાં દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રભાઇ ભગવાનરાવ ચલાવે છે.

**મેઘાણીનગરઃ** રાહુલભાઇ દલબીરસીંગ ધાકરે (ઉ.વ.૨૬) (રહે. ચૂવાળનગર વિભાગ-૩ ચંદનનગર સામે ભાર્ગવ રોડ મેઘાણીનગર) એ પત્ની રિસામણે હોઈ મનમાં લાગી આવતા તા.૧૫/૦૧/૨૦૨૧ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રવિણભાઈ ખેમાભાઈ ચલાવે છે.

**જીઆઇડીસી વટવાઃ** કિરણબહેન વા/ઓફ અજીતસિંઘ પરમાર (ઉ.વ.૨૨) (રહે. ગોકુલ રો-હાઉસ ગીતાંજલી સ્કુલ પાસે જશોદાનગર) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૧/૨૦૨૧ બપોરના ૩/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી આ અંગે જીઆઇડીસી વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એમ.રાઠોડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી